# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-07-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day: SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રખ્યાત ટેક્નોલોજી નિષ્ણાત નંદન નીલેકણીની અધ્યક્ષતામાં પરીક્ષા સુધારણા પર એક ઉચ્ચસ્તરીય ટાસ્ક ફોર્સની રચના કરવાની જાહેરાત કરી.

2) પ્રધાનમંત્રી મોદીએ આજે કારગિલ વિજય દિવસ નિમિત્તે દેશના બહાદુર સૈનિકોને યાદ કર્યા - કહ્યું કે ભારત સતત નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે.

3) મન કી બાતમાં પ્રધાનમંત્રીએ ગુજરાતનાં અમદાવાદમાં વૃક્ષારોપણ અને ગીરમાં ચિલોતરાના પુનઃસ્થાપનના પ્રયાસોને બિરદાવ્યા.

4) પ્રધાનમંત્રી શ્રી મોદીએ કહ્યું કે, ભારતની સાંસ્કૃતિક પરંપરામાં સામૂહિક ભાગીદારી હંમેશા શક્તિનો સ્ત્રોત રહી છે.

5) કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ આજે શિક્ષણ મંત્રી તરીકેનો પદભાર સંભાળ્યો.

6) ક્રિકેટમાં, ત્રણ મેચની શ્રેણીની ત્રીજી અને અંતિમ T20 મેચમાં ભારતે ઝિમ્બાબ્વેને 193 રનનો લક્ષ્યાંક આપ્યો.

7) ભારતની અનાહત સિંહે વિશ્વ જુનિયર સ્ક્વોશ ચેમ્પિયનશિપ જીતીને ઇતિહાસ રચ્યો - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અભિનંદન પાઠવ્યા.

*****************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM - NANDAN NILEKANI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પ્રખ્યાત ટેક્નોલોજી નિષ્ણાત નંદન નીલેકણીની અધ્યક્ષતામાં પરીક્ષા સુધારણા પર એક ઉચ્ચસ્તરીય ટાસ્ક ફોર્સની રચના કરવાની જાહેરાત કરી છે. એક વીડિયો સંદેશમાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે, ટાસ્ક ફોર્સ પરીક્ષા પ્રણાલીને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે અને તેની ભલામણોના આધારે આગામી પરીક્ષાઓની વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે વહેલી તકે જરૂરી પગલાં લેવામાં આવશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશની પરીક્ષા પ્રણાલી વિશ્વસનીય, પારદર્શી અને ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરતી હોવી જોઈએ.

# PM – MANN KI BAAT - 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત સંરક્ષણ નિકાસ, રાજકીય સહયોગ અને મિત્ર દેશો સાથેના સહયોગમાં નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરી રહ્યું છે. આકાશવાણી પર તેમના મન કી બાત કાર્યક્રમમાં, કારગિલ વિજય દિવસના બહાદુર સૈનિકોને યાદ કરતા તેમણે કહ્યું કે આ દિવસ દેશવાસીઓને આપણા બહાદુર સૈનિકોની અસાધારણ બહાદુરીની યાદ અપાવે છે.

**(BYTE : PM - KARGIL DIVAS)**

પ્રધાનમંત્રીએ કહ્યું કે આખો દેશ ગ્લાસગોમાં થોડા દિવસો પહેલા શરૂ થયેલા કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લેનારા ખેલાડીઓને ઉત્સાહિત કરી રહ્યો છે.

પીવી સિંધુ બેડમિન્ટનમાં જાપાન ઓપન ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય બની છે. સમગ્ર દેશને તેની સિદ્ધિ પર ગર્વ છે.

પ્રધાનમંત્રીએ સંતોષ વ્યક્ત કર્યો કે દેશના લોકો 'એક પેડ મા કે નામ' અભિયાન સાથે જોડાઈને પ્રકૃતિ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે. તેમણે અમદાવાદના ભાડજ વિસ્તારનું ઉદાહરણ આપ્યું.

**(BYTE : PM PLANTATION)**

-----2-----

# PM – MANN KI BAAT - 2

પ્રધાનમંત્રીએ આનંદ વ્યક્ત કર્યો કે લગભગ 60 વર્ષ પછી, ફરી એકવાર 'ભારતીય ગ્રે હોર્નબિલ' એટલે કે ચિલોતરો પક્ષી ગીરના જંગલોમાં પોતાનું નિવાસસ્થાન બનાવી રહ્યું છે.

**(BYTE : PM HORNBILL)**

શ્રી મોદીએ ત્રિપુરાના 'ચોંગપ્રેંગ' સંગીત વાદ્ય વિશે પણ વાત કરી. પ્રધાનમંત્રીએ પરંપરાગત સંગીતને લોકપ્રિય બનાવવાના શ્રી દેબબર્માના પ્રયાસોની પ્રશંસા કરી.

**(BYTE : PM SANGEET)**

પ્રધાનમંત્રીએ 15 ઓગસ્ટના રોજ ઉજવાતા સ્વતંત્રતા દિવસ વિશે વાત કરી.

**(BYTE : PM TIRANGA)**

15 ઓગસ્ટ એ દરેક ભારતીય માટે ગર્વનો દિવસ છે. આ દિવસ ભારત માતાની સ્વતંત્રતા માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કરનારા અસંખ્ય નાયકોને યાદ કરવાનો દિવસ છે.

# PM-VB-VILLAGE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે સામૂહિક ભાગીદારી હંમેશાં ભારતની સાંસ્કૃતિક પરંપરાની તાકાત રહી છે. તેમણે આજે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી 'વિકસિત વાઇબ્રન્ટ વિલેજ કાર્યક્રમ-2026'ના સહભાગીઓ સાથે સંવાદ કરતી વખતે આ વાત કહી હતી. આ કાર્યક્રમમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 400 થી વધુ યુવાનોએ પોતાના અનુભવો શેર કર્યા હતા.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતમાં લોકો લાંબા સમયથી સાથે મળીને કામ કરતી વખતે ગીતો ગાતા રહ્યા છે. આનાથી પરસ્પર એકતા મજબૂત થાય છે અને સામૂહિક પ્રયાસો વધુ આનંદદાયક તેમજ તણાવમુક્ત બને છે. તેમણે ઉમેર્યું કે સરકાર એવા લોકોને વિકાસની મુખ્યધારા સાથે જોડવા માટે સતત પ્રયત્નશીલ છે, જેઓ અત્યાર સુધી તેનાથી વંચિત રહ્યા હતા.

(BYTE : PM-VILLAGES)

સ્વતંત્ર રીતે આ યાત્રામાં જોડાયેલી યુવતીઓનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમની ભાગીદારી ભારતની દીકરીઓના આત્મવિશ્વાસ અને સાહસનું પ્રતીક છે. તેમણે જણાવ્યું કે સરકાર દરેક યુવા, વિશેષ કરીને દેશની દીકરીઓને આત્મવિશ્વાસ અને દ્રઢ સંકલ્પ સાથે આગળ વધારવા માટે કટિબદ્ધ છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(મ્યુઝિક ગોન્ગ)**

# KARGIL DIVAS

સમગ્ર રાષ્ટ્ર આજે કારગિલ વિજય દિવસની ઉજવણી કરી રહ્યું છે. આ દિવસ ઓપરેશન વિજયની સફળતા અને પાકિસ્તાન પર ભારતનો ઐતિહાસિક વિજયનો દિવસ છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ શ્રદ્ધાંજલી આપતા કહ્યું કે સૈનિકોની અપ્રતિમ બહાદુરી, અતૂટ સંકલ્પ અને દેશભક્તિ ભારતીય સશસ્ત્ર દળોની શ્રેષ્ઠ પરંપરાઓનું ઉદાહરણ છે. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે રાષ્ટ્ર એ બહાદુર સૈનિકોને સલામ કરે છે જેમણે પોતાની અસાધારણ હિંમત, અતૂટ સંકલ્પ અને સર્વોચ્ચ બલિદાનથી કારગિલ યુદ્ધમાં ઐતિહાસિક વિજય મેળવ્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સૌથી પડકારજનક પરિસ્થિતિઓમાં બહાદુર સૈનિકોની બહાદુરી હંમેશા રાષ્ટ્રીય ગૌરવનો સ્રોત રહેશે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ગૃહમંત્રી અમિત શાહ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા સહિત અનેક મહાનુભાવોએ કારગિલ યુદ્ધમાં શહીદ થનારા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલી આપી છે.

# REV-JOSHI-EDU-MIN-MEETING

કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ આજે શિક્ષણ મંત્રી તરીકેનો પદભાર સંભાળ્યો છે. પદભાર ગ્રહણ કર્યા પછી, તેમણે વિવિધ યોજનાઓ અને મુખ્ય કાર્યક્રમોના અમલીકરણનું આકલન કરવા માટે શિક્ષણ મંત્રાલયની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી.

ત્યારબાદ મીડિયા સાથેની વાતચીતમાં શ્રી જોશીએ આ જવાબદારી સોંપવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# CWG-WEIGHTLIFTING

ગ્લાસગોમાં ચાલી રહેલી કોમનવેલ્થ ગેમ્સમાં, ભારતના ઋષિકાંત સિંહ ચાનમ્બમે આજે પુરુષોની 60 કિગ્રા વેઇટલિફ્ટિંગમાં રજત ચંદ્રક જીત્યો. ઋષિકાંતે સ્નેચમાં 121 કિગ્રા વજન ઉપાડ્યું, ભારતીય ખેલાડીએ ક્લીન એન્ડ જર્કમાં 143 કિગ્રા વજન ઉપાડ્યું, કુલ 264 કિગ્રા વજન ઉપાડ્યું. રજત ચંદ્રક આ વર્ષની કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનો બીજો અને સક્ષમ શારીરિક ઇવેન્ટમાં પ્રથમ ચંદ્રક છે.

# CRICKET

ક્રિકેટમાં, ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે હરારેમાં રમાઈ રહેલી ત્રણ મેચની શ્રેણીની ત્રીજી અને અંતિમ T20 મેચમાં ભારતે ઝિમ્બાબ્વેને જીતવા 193 રનનો લક્ષ્યાંક આપ્યો છે. આ અગાઉ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવી 192 રન કર્યા હતાં. ભારતના વૈભવ સુર્યવંશીએ 49 બોલમાં 81 રન કર્યા હતા. 193 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં ઝિમ્બાબ્વેએ છેલ્લા અહેવાલ પ્રમાણે 17 ઓવરમાં 5 વિકેટે 134 રન થયા છે. આ શ્રેણીમાં ભારતે 2-0થી અજેય સરસાઈ મેળવી છે.

# PM-SQUASH-CHAMPIONSHIP

ભારતની અનાહત સિંહે વિશ્વ જુનિયર સ્ક્વોશ ચેમ્પિયનશિપ જીતીને ઇતિહાસ રચી દીધો છે. આ જીત સાથે અનાહત જુનિયર વિશ્વ ટાઇટલ જીતનારી પ્રથમ ભારતીય સ્ક્વોશ ખેલાડી બની ગઈ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુવર્ણ ચંદ્રક જીતવા બદલ અનાહત સિંહને અભિનંદન પાઠવ્યા હતા. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ આને ઐતિહાસિક સિદ્ધિ ગણાવતા કહ્યું કે આનાથી યુવાનોમાં સ્ક્વોશની લોકપ્રિયતામાં વધારો થશે.

# MEA-FACT-CHECK

વિદેશ મંત્રાલયના ફેક્ટ ચેક યુનિટે સોશિયલ મીડિયા પર ચાલી રહેલા એવા અહેવાલોનું ખંડન કર્યું છે, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે દિલ્હીના જંતર-મંતર પર થયેલા તાજેતરના વિરોધ પ્રદર્શનો પાછળ કોઈ વિદેશી ફંડિંગ હોવાનો ઇનકાર કર્યો છે. યુનિટે જણાવ્યું છે કે આ અહેવાલોમાં શ્રી જેસવાલના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે.